# યુવાન શિક્ષકોના મતે અન્નાનું આંદોલન

૧૬ ઓગસ્ટથી અન્ના હજારે ભ્રષ્ટાચારને ડામવાના ભાગરૂપે આંદોલન કરી રહયાં છે. તેમના આંદોલન અંગે બનેલી કેટલીક ઘટનાઓ બાદ મનમાં વિચાર આવ્યો કે, અન્નાના આ આંદોલન અંગે ભવિષ્યના શિક્ષકો શું માની રહ્યાં છે ? આ જાણવું એટલા માટે જરૂરી બની જાય છે, કે ભવિષ્યના આ શિક્ષકો વર્ગખંડમાં શિક્ષણ આપવા જશે ત્યારે શું માનસિકતા લઇને જશે ? તેઓ વર્ગખંડમાં વિજ્ઞાન ભણાવશે કે ઇતિહાસ, પણ તેમના મનમાં ભારત અને ભારતની પ્રજા માટે ચોક્કસ વિચારો હશે જેને તેઓ વર્ગખંડમાં રજૂ કરશે જ. એટલું જ નહીં તેમની વિચારસરણી મુજબ પોતાના વિદ્યાર્થીઓને ખેંચવાનો પ્રયત્ન પણ અનાયાશે થશે જ. ભવિષ્યના શિક્ષકો કે જેમની પાસેથી વિચારો જાણવાનો પ્રયત્ન કર્યો તે આજના યુવાનો પણ છે. જેના આધારે એ પણ જાણી શકાયું કે આજના યુવાનો પોતાના દેશ માટે શું માની રહયાં છે, તેઓ કેટલા જાગૃત કે નિષ્ક્રિય છે? આજનો યુવાન હતાશ છે કે આત્મવિશ્વાસથી ભરેલો ? આજના યુવાનોની જે તે માન્યતા કે વિચારો પાછળ કયા પરિબળો જવાબદાર છે ? તે પરિબળોનો ફેલાવો કરવો કે અટકાવવા ? વગેરે પ્રશ્નો પણ આપણી સામે આવે છે. આ યુવાનો કે ભવિષ્યના શિક્ષકોને પૂછેલો પ્રશ્ન હતો, અન્નાનું આંદોલન યોગ્ય છે ? શા માટે ? મળેલા જવાબો તેમનાજ શબ્દોમાં રજૂ કરું તે પહેલાં એક સ્પષ્ટતા પણ કરી લઉં કે, પ્રશ્ન પૂછ્યા પછી જવાબ આપવા માટે માત્ર ચાર-પાંચ મિનિટનો જ સમય આપવામાં આવેલો. કારણે કે, ટૂંક સમયમાં જવાબ આપવાનો હોવાથી તેમના દિલમાં જે બાબતો રમતી હોય તે જ બહાર આવે.

અન્ના આમ આદમીની વેદના જાણે છે. અમે તો ગાંધીજીને જોયા ન હતા, પણ ગાંધીજી કેવી રીતે કામ કરતા હશે તેનો અનુભવ થયો. અન્નાનો માર્ગ સત્યનો માર્ગ છે, તે પોતાના જીવનની અમૂલ્ય પળોને લોકો માટે ખર્ચે છે. આમને આમ ચાલશે તો દેશનું શું થશે ? ને મને તો મારી પણ ચિંતા છે કે મારું શું થશે? મોટામોટા અપરાધીઓ ભ્રષ્ટાચાર કરીને છૂટી જાય છે, દેશને લૂંટનારા નેતાઓ સામે કોઇ કંઇ કરી શકતું નથી. દેશના ભવિષ્ય માટે પ્રશ્નાર્થ ઊભો થયો છે. ભારતમાં જો ભ્રષ્ટાચાર ઓછૌ થશે તો ઘણી ઘણી સમસ્યાઓ આપમેળે હળવી થશે. ભારત એક પ્રામાણિક દેશ બનશે. જો જનલોકપાલ બીલને મંજૂરી મળશે તો મોટાભાગનો ભ્રષ્ટાચાર ઓછો થઇ જશે. જનલોકપાલ બીલથી દેશનો વહિવટ વધારે પારદર્શક બનશે. ભ્રષ્ટાચારને લીધે જ આપણા દેશનો વિકાસ રૂંધાયો છે. આજે ભ્રષ્ટાચાર એટલી હદે વ્યાપેલો છે કે લોકોનું જીવન જીવવાનું અઘરું થઇ ગયું છે

ગરીબને બે ટાઇમનું ખાવાના ફાંફા છે. આપણા દેશમાં મધ્યમ વર્ગને જ તકલીફ હોય છે, કારણ કે ઉચ્ચવર્ગને તો ચિંતા નથી અને ગરીબને રોજે રોજનું કરીને ખાવાનું છે. તેમજ સામાજિક વ્યવહારોની તેમને ચિંતા હોતીં નથી. ભ્રષ્ટાચારને કારણે ગરીબ માણસ વધુ ગરીબ અને અમીર માણસ વધુ અમીર બનતો જાય છે. ભ્રષ્ટાચારને લીધે જ આપણા દેશનું દેવું વધતું જાય છે, જેની અસર આમ નાગરિકને મોંઘવારી તરીકે નડે છે. ભ્રષ્ટાચારને કારણે મોંઘવારી ખૂબ જ વધી છે. ભ્રષ્ટાચારને લીધે સામાન્ય માનવીનું જીવન ખૂબ જ સંકટમાં આવી ગયું છે. મોંઘવારી સતત વધતી જાય છે. દેશમાં અનાજનું ઉત્પાદન સારું થાય છે, પણ છતાં ભાવવધારો થાય છે. જેનું કારણ ભ્રષ્ટાચાર છે.

આ આંદોલન ભ્રષ્ટાચાર વિરુદ્ધનું છે. લોકોને જાગૃત કરવામાં આ આંદોલન ખુબ જ ઉપયોગી બનશે. દેશના આર્થિકતંત્રને સુધારવા માટે આ આંદોલન જરૂરી છે. સામાન્ય માનવીના હક માટેનું આ આંદોલન છે. અન્નાએ દેશને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો છે.આજે આંદોલન દ્વારા જ દેશમાં ક્રાંતિ લાવી શકાય તેમ છે.

આજે કોઇપણ વ્યક્તિને સરકારી કામ કરાવવા માટે લાંચ આપવી જ પડે છે. આ આંદોલનને કારણે તેમાં થોડો ઘટાડો થશે. દેશની તીજોરીમાં નાગરિકોના જ પૈસા છે. તેનો અયોગ્ય ઉપયોગ અટકાવી દેશને ગરીબીમાંથી મુક્તિ અપાવવાનું આ આંદોલન છે. આ આંદોલનનો હેતુ સરકારી ભ્રષ્ટ અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં ભરી તેને સરકારી જગ્યા પરથી હટાવવાનો છે. ભ્રષ્ટાચારીઓને ખુરશી પરથી હટાવવા જોઇએ. ભ્રષ્ટાચાર સામે બધા બોલે છે, પણ નેતૃત્ત્વ લઇને કોઇ આગળ આવવા તૈયાર નથી. જે અન્નાએ કરી બતાવ્યું. બધા લોકોમાં

નેતૃત્ત્વ કરવાની શક્તિ હોતી નથી. પણ અન્ના હજારે તે કરી બતાવ્યું. ક્યાંકથી કોઇએ તો શરૂઆત કરવી જ પડે . આ આંદોલને ભ્રષ્ટાચારને દૂર કરવાની એક દીશા બતાવી છે. આજના વર્તમાન સમયમાં આ આંદોલનની જરૂર હતી. આ આંદોલન સફળ થાય કે નિષ્ફળ, પણ તેની અસર થશે જ. ગીતામાં કહ્યું છે કે, હે અર્જુન, ચઢાવ બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ. એ રીતે આ આંદોલન યોગ્ય જ છે. આ આંદોલન અહિંસક છે, જે તેની વિશેષતા છે. આપના દેશમાં અનેક પ્રકારના ભ્રષ્ટાચાર વધી રહયાં છે .સૌ લોકો જાણે છે કે ભ્રષ્ટાચાર કેટલો છે અને કોણ કરે છે ? આપણા દેશમાં દરેક જગ્યાએ ખૂબ જ ભ્રષ્ટાચાર ચાલે છે . આજે નાનામાં નાના કામ માટે પણ ભ્રષ્ટાચારનો આશરો લેવો પડે છે. ભ્રષ્ટાચાર અટકાવવા માટે ઉપવાસની જરૂર નથી, પણ દરેક વ્યક્તિએ પોતે પોતાની જાતે ભ્રષ્ટાચાર નહીં કરવાનો નિર્ણય લેવો જોઇએ. તો ભ્રષ્ટાચાર આપોઆપ દૂર થશે. મને નથી લાગતું કે કોઇપણ ઉપાયે આપણા દેશમાંથી ભ્રષ્ટાચાર દુર થાય

ભ્રષ્ટાચાર કરનારને સખતમાં સખત દંડ કરવો જોઇએ. ભારતમાં દિનપ્રતિદિન ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી રહ્યું . ભ્રષ્ટાચારને લીધે જ મોંઘવારી વધે છે. ભ્રષ્ટાચારને લીધે જ ગરીબ પ્રજાને પૂરતો ન્યાય મળતો નથી કે નથી તેમનો વિકાસ થતો. દેશના વિકાસ માટે ભ્રષ્ટાચાર એ સૌથી મોટો અવરોધ છે. હવે તો ભારત જ ભ્રષ્ટાચારી દેશ બનતો જાય છે. જો આમને આમ ચાલશે તો દેશનું નામોનિશાન મટી જશે. ભ્રષ્ટાચાર નામનો શેટનાગ આ દેશને ગળી રહયો છે.

ભ્રષ્ટાચાર કરનારમાં નેતાઓ, રાજકારણીઓ અને સરકારી અધિકારીઓ જ છે. ભ્રષ્ટાચારીઓએ દેશને ખોખલો કરી દીધો છે, તેો દેશની પ્રજાને લૂંટી રહયાં છે. આજે ભારતમાં એક પણ નેતા એવો નથી કે જેણે ભ્રષ્ટાચાર ન કર્યો હોય. જે સારા નેતા હતા તેમણે પણ ભ્રષ્ટાચારી બનવું પડયું છે.

અહીં યુવાનો તેમજ ભવિષ્યના શિક્ષકોના વિચારો આપે જાણ્યા. તેઓ સાચા છે કે ખોટા તે પ્રશ્ન ન બનાવીએ. પણ ભારતનો આજનો યુવાન શું માની રહ્યો છે, તે વિચારીએ. આ યુવાન આવતી કાલનો શિક્ષક છે. તે વર્ગખંડમાં વિદ્યાર્થીને શીખવવા જશે ત્યારે કેવા મૂલ્યો સાથે જશે ? યુવાનોના આ વિચારો જાણ્યા પછી સૌએ વિચારવું જ રહયું કે, એવું તે શું અને કેવી રીતે પરિવર્તન લાવવું જેથી આજનો યુવાન આવતી કાલનો નાગરિક મૂલ્યનિષ્ઠ, વિશ્વાસુ બને. જેનામાં કશુંક નવું કરવાની હિંમત હોય, તે હતાશ કે પામર ન હોય. આવો આપણે મનોમન સંકલ્પ કરીએ કે ભ્રષ્ટાચારને ભારતમાંથી ભગાડીશું અને સશક્ત, મૂલ્યનિષ્ઠ યુવાધન પેદા કરીશું.

**dr.ashokpatel@in.com**